# આકાશવાણી-ભુજ

**સમાચારવાચક : જયદીપ વૈષ્ણવ**

**કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક**

**તારીખ- ૨૧-૦૪-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## લોકસભા ચુંટણી-કચ્છ :

લોકસભાની સામાન્ય ચૂંટણી અન્વયે કચ્છ-મોરબી બેઠક પર 16 ઉમેદવારી ફોર્મ ભરાયા હતા,જેમાંથી ભાજપ કોંગ્રેસના બે ડમી ફોર્મ રદ થતાં હવે ભરાયેલા ફોર્મનો આંકડો ઘટીને 14 પર પહોંચ્યો છે.લોકશાહી મહાપર્વને લઇને તા.07 મે ના મતદાન થવાનું છે.ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ સંબંધી કામગીરી વધુ વેગવાન બનાવાઇ છે.ગઇકાલે કચ્છ કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી કચેરી ખાતે ફોર્મ ભરનારા ઉમેદવારોની હાજરીમાં કલેકટર અમિત અરોરાની ઉપસ્થિતિ વચ્ચે નામાંકનપત્રોની ચકાસણી કરવામાં આવી હતી.આવતીકાલે દાવેદારી પરત ખેંચવાની સાથે ચૂંટણી જંગના મેદાને કેટલા ઉમેદવારો છે તેનું ચિત્ર સ્પષ્ટ થઇ જશે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## મહાવીર જયંતી :

રાજ્યભરમાં આજે મહાવીર જયંતિની ઉત્સાહ સાથે પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. આ અવસરે વિવિધ સ્થળે ભગવાન મહાવીરની શોભાયાત્રા યોજાઇ રહી છે.

જૈન સમુદાયના ચોવીસમા તીર્થંકર પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણ દિવસે આજે જૈન સંઘો દ્વારા જિનાલયોમાં વિશેષ આંગી,પૂજા,સંધ્યા ભક્તિ,અનુષ્ઠાન પ્રવચન યોજાઇ રહ્યા છે.**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ,ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાવીર જયંતિ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે.**

**કચ્છમાં ભુજ સહિત અન્ય સ્થળોએ મહાવીર જયંતીની ધર્મોલ્લાસ સાથે ઉજવણી થઇ રહી છે.ભુજમાં સવારે આદિનાથ જીનાલયથી શોભાયાત્રા નીકળી હતી.મહાવીર સ્વામીની જન્મજયંતી નિમિતે શહેરના માર્ગોને શણગારવામાં આવ્યા છે.**

**RNU અમદાવાદ**

---

## <u>સ્વીપની કામગીરી :</u>

કચ્છ જિલ્લામાં SVEEP હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે.મતદાન જાગૃતિ સંદર્ભે ડોર ટુ ડોર સંપર્ક અભિયાન વધુ વેગવંતુ કરવામાં આવ્યું છે.ઓછું મતદાન ટર્ન આઉટ ધરાવતા જિલ્લાના અબડાસા,રાપર અને ગાંધીધામ વિસ્તારોમાં આવી પ્રવૃત્તિઓ વધુ સઘન બનાવવા SVEEP નોડલ જિલ્લા શિક્ષણાધિકારીના નેતૃત્વ હેઠળ કામગીરી કરાઇ રહી છે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## <u>પીએમઓ મુખ્ય સચિવ :</u>

કચ્છની મુલાકાતે આવેલા પ્રધાનમંત્રી કાર્યાલયના મુખ્ય સચિવ પી.કે. મિશ્રાએ કોરીક્રીકમા ચેરિયાના વાવેતર સહિતની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.ઉપરાંત

સંવેદનશીલ ક્રિકોની પણ બીએસએફના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.તેમની સાથે સુરક્ષા દળો તેમજ વિવિધ ખાતાના અધિકારીઓ પણ જોડાયા હતા.નિવાસી અધિક કલેક્ટર મિતેષ પંડ્યાએ કહ્યું કે,મુખ્ય સચિવે સરહદી વિસ્તારમાં થઇ રહેલા વિકાસકામોનું પણ નિરીક્ષણ કર્યું હતું.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## <u>યુજીસી નેટ પરીક્ષા :</u>

**નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન નેશનલ એલિજીબ્લિટી ટેસ્ટ એટલે કે UGC NET જૂન, 2024 માટે રજીસ્ટ્રેશન આજથી શરૂ કરી દીધું છે. પરીક્ષા આપવા ઇચ્છતા વિદ્યાર્થીઓ નેટની પરીક્ષા માટે સત્તાવાર વેબસાઇટ પર જઈને ઉમેદવારી નોંધાવી શકે છે. આગામી 10 મે સુધી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલશે.**

**RNU અમદાવાદ**

---

## <u>ગુડથર મેળો :</u>

અબડાસા તાલુકાના ગુડથરમાં મહેશ્વરી સમાજના આસ્થાના પ્રતીક મોટા મતિયાદેવના સ્થાનકે બે દિવસીય મેળો યોજાવાનો છે,જેના માટેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે.દર વર્ષે ચૈત્ર મહિનાની ત્રીજ અને ચોથના દિને મેળો યોજાય છે,યાત્રા મહોત્સવને લઇને 26 એપ્રિલના સાંજે 7.30 કલાકે મહાઆરતી અને રાત્રે 10 કલાકે  રાસોત્સવ યોજાશે.27 એપ્રિલથી દ્વિદિવસીય મેળાનો આરંભ થશે.જેમાં ધૂપ,પેડી સહિતના કાર્યક્રમો થશે.શાળા, કોલેજોમાં પરીક્ષાઓ પૂર્ણ થઇ જવાની છે,જેથી

ગત વર્ષ કરતાં યાત્રાળુઓની સંખ્યા આ વખતે વધી જાય તેવી શક્યતા સેવાઇ રહી છે.

**NP-જયદીપ વૈષ્ણવ**

-----------------------------------------------------------------------------------

## વ્યાખ્યાન માળા :

અર્થશાસ્ત્રી અને  કોડાયના વતની ડો.પ્રવીણ વિસરિયાની સ્મૃતિમાં આવતીકાલે અમદાવાદ ખાતે વ્યાખ્યાનમાળા યોજાશે.જેમાં ભોજાય સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટી લીલાધર ગડા વીતેલા વર્ષોમાં કચ્છ,વિકાસ કે પ્રગતિ" એ વિષય પર વ્યાખ્યાન આપશે.ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ઉસ્માનપુરા ખાતે યોજાનારા સમારોહમાં ગુજરાતના આરોગ્ય વિભાગના પૂર્વ કમિશ્નર ડો.અમરજીતસિંહ મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---